RESEARCH REVIEW JOURNALS
Volume-1
Issue-10
October-2016

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com

# દેવી ભાગવત પુરાણમાં નારી

**ડૉ. સુરેશભાઈ એસ. પટેલ**
*પ્રિન્સીપાલશ્રી, શ્રીમતી આર.આર. એચ. પટેલ, મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુર*

પુરાણસાહિત્ય ભારતીયસમાજ તથા સંસ્કૃતિનું દર્પણ છે. પુરાણસાહિત્યમાં પ્રાચીન સામાજિક જીવન પદ્ધતિનું વર્ણન પ્રાપ્ત થાય છે. અનેક વિદ્વાનોએ વૈદિકકાળ તથા પ્રાચીનકાળમાં નારીની સ્થિતિ પર પ્રકાશ પાડયો છે. દેવીભાગવતપુરાણોમાં નારીના દૈવી સ્વરુપનું વર્ણન પ્રાપ્ત થાય છે.

નારી સમાજનું એક મહત્વનું અંગ છે. સમાજનું સંગઠન નારીથી જ પૂર્ણ થાય છે. નારી વિનાની સમાજની કલ્પના જ કરી શકાતી નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થ નારીની સહાયતાથી જ પૂર્ણ થાય છે. સમાજમાં નારીનું ખૂબ જ મહત્વ છે. નારીના મહત્વ સંદર્ભે ઘણા ચઢાવ-ઉતાર આવ્યા છે. દેવીભાગવતપુરાણમાં નારીના ત્રણ સ્વરુપોનું વર્ણન કરવામાં આવ્યું છે. (   ૧) કન્યા (૨) પત્ની અને (૩) માતા. દેવીબાગવતપુરાણમાં નારીનું એક ચોથું રૂપ પણ મળે છે. તે છે દેવીરૂપ.

**નારી કન્યા રૂપમાઃ**

કોઈ પણ સમાજમાં નારીની મહત્તા પર વિચાર કરતાંમ પહેલાં  બાબત પર વિચાર કરવાની જરૂર છે. કે દીકરીના જન્મ પર લોકો કેવો અનુભવ કરે છે ?ઋગ્વેદકાળમાં દરેક માતા-પિતા પુત્રની કામના કરતા હતા. ૧ તે સમયમાં કોઈ પણ જગ્યાએ  દીકરીના કામના કરવામાં આવતી નહિ ૨ છતાં માતા-પિતા પોતાની દીકરીની દેખભાળ સારી રીતે કરતા હતા   ? ૩ મહાભારતકાળમાં દીકરીના જન્મ પર સ્ત્રીઓ નૃત્ય-ગાન કરતી હતી તેનું વર્ણન પ્રાપ્ત થાય છે.

**स्त्रीचः काश्चित्यजायन्ते चतस्त्रः पंचकन्यकाः।**
**जातमात्राश्च नृत्यन्ति गायन्ति च हसन्ति।**

દેવીભાગવતપુરાણમાં પણ એવું જ્ઞાત થાય છે. કે લોકો પુત્રની કામના કરતા હતા. પરંતુ કયારેક સંતાન વગરના પરિવાર દીકરીની પણ કલ્પના કરતા હતા. રાજા અશ્વપતિ તથા તેની પત્ની સંતાનોત્પત્તિ માટે દેવી સાવિત્રીની પૂજા કરતા હતા. તેઓ દીકરી પ્રાપ્ત થાય તેવી પોતાની અભિલાષા વ્યકત કરતા હતા.પ  કેટલાક માતા-પિતા કન્યા પ્રાપ્તિ માટે યજ્ઞ વગેરે કરતા હતા. રાજા રૈમ્યા તથા તથા તેની પત્ની દ્વારા યજ્ઞ કરવાથી તેમને દીકરી પ્રાપ્ત થઈ હતી.૬ તે દીકરીનું નામ એકાવલી રાખવામાં આવ્યું હતું. એકાવલીના બધા સંસ્કાર તેમજ પાલન-પોષણ પુત્રોની જેમ કરવામાં આવ્યા હતા. પ્રમદ્વરા નામની કન્યા સર્પદંશને કારણે મૃત્યુ પામી તો તેના પિતાએ ખૂબ વિલાપ કર્યો હતો. કારણ કે, તે પોતાની દીકરીને ખૂબ જ પ્રેમ કરતા હતા.૭

તે સમયમાં માતા-પિતા કન્યાના જન્મને નસીબ માનતા હતા નહિ. કેટલાક પરિવારોમાં કન્યાનો જન્મ લેવો ખરાબ માનવામાં આવતો હતો. દેવીભાગવતપુરાણમાં અનેક જગ્યાઓ કહેવામાં આવ્યું છે કે કન્યાની હત્યા કરવી મહાપાપ છે. આ બાબત એ બતાવે છે. કે કેટલાક પરિવારોમાં હત્યા કરી નાખવામાં આવતી હશે.

**સંપત્તિની ઉત્તરાધિકારીઃ**

કન્યાને કોઈ જગ્યાએ પ્તાની સંપત્તિની ઉત્તરાધિકારી કહેવામાં આવી નથી. તે સમયમાં પુત્રને જ પિતાની સંપત્તિનો ઉત્તરાધિકારી ગણવામાં આવતો હતો. દેવીભાગવત પુરાણમાં એક જગ્યાએ લખ્યું છે કે રોગી તથા મરણ પથારીએ પડેલ પુત્ર વગરનો પિતા એવું વિચારતો હતો કે અરે  ! મારી પાસે કેટલું બધું ધન છે, મારું મકાન આટલું બધું સુંદર છે, પણ આ બધાનો સ્વામી કોણ બનશે ? ૮ મહાભારતકાળમાં કન્યાને પિતાની સંપત્તિ તથા રાજ્યની ઉત્તરાધિકારી માની છે. ૯ પરંતુ દેવીબાગવતપુરાણમાં આવું કોઈ વર્ણન પ્રાપ્ત થતું નથી, કે કન્યા પણ પિતાની સંપત્તિમાં ઉત્તરાધિકારી હોય. હરિશ્ચંદ્રની પત્ની કહે છે પિતાની સંપત્તિનો ઉત્તરાધિકારી પુત્ર જ છે.  ૧૦ આનાતી સ્પષ્ટ થાય છે કે પિતાની સંપત્તિનો પુત્ર જ અધિકારી છે.

તત્કાલીન સમાજમાં કન્યાઓને ગોદ લેવામાં આવતી હતી. રાજા શૂરસેનની પૂત્રીનું નામ કુંતી હતું. તેને એક અન્ય રાજા કુંતીભોજે ગોદ લીધી હતી. રાજાએ ભરણ-પોષણ કર્યું હતું.      ૧૧ કન્યાઓનું સમાજમાં ધાર્મિક પ્રસંગોએ ખૂબ જ મહત્વ હતું. પવિત્ર લોકો રોજ કન્યાઓનું પૂજન કરતા હતા. નવરાત્રમાં રોજ કન્યાઓનું પૂજક કરવામાં આવતું હતું ખાસ કરીને દસ વર્ષથી નાની ઉંમરની કન્યાનું પૂજક કરવામાં આવતું હતું.૧૨

તે સમયે કન્યાઓ માતા-પિતાના પૂર્ણ સ્નેહની અધિકારી હતી. તેમને લાડ-પ્યારથી પાળવામાં આવતી હતી. કયારેક વધારે પડતા લાડ-પ્યારને કારણે તેનું પરિણામ ખોટું આવતું હતું. માતા-

© RRIJM 2015, All Rights Reserved

પિતાએ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. શશિકલાને પોતાના માતા-પિતા ખૂબ સમજાવતા હતા છતાં સુદર્શનને પોતાનો પતિ બનાવવા માટે જીદ કરતી હતી. આનું પરિણામ એ આવે છે કે શશિકલાના પિતાને રાજના અપશબ્દો સાંભળવા પડે છે. ૧૩ ઘણી વખત માતા-પિતાનું ન સાંભળતી કન્યાઓને ઘણું સહન કરવું પડતું મંદોદરીએ પોતાના માતા-પિતાની આજ્ઞા ન માનીને પોતાની ઈચ્છાથી એક રાજા સાથે લગ્ન કરી લીધા.પરંતુ ત્યાર પછી તેને એક સંકટનો સામનો કરવો પડયો હતો. ૧૪

તે સમયમાં કન્યાઓની સારી રીતે દેખભાળ કરવામાં આવતી હતી. રૈમ્ય નામના રાજાએ પોતાની કન્યાઓની દેખભાળ માટે અનેક સખીઓની નિયુકિત કરી હતી. ૧૫ જ્યારે એકાવલી યુવાન થઈ તો રાજાએ તેના રક્ષણ માટે સૈનિકો રાખ્યા હતા. એકાવલી જ્યાં જાય ત્યાં ત્યાં સૈનિકો તેનું રક્ષણ કરવા સાથે જતા હતા.૧૬ માતા-પિતાનું પોતાની કન્યાનું રક્ષણ કરવાનું કર્તવ્ય હતું. તે સમયે કન્યાઓ માટે એકલા બહાર જવાનું યોગ્ય ગણાતું નહિ. તે સમયે સમાજમાં કેટલાક દુર્જનો હતા જે એકલી કન્યા સાથે હોવા છતાં કન્યાઓનું અપહરણ કરવામાં આવતું હતું. રાજકુમારી એકાવલીની સાથે સૈનિક હોવા છતાં બાલકેતું નામના વ્યકિતએ તેનું અપહરણ કર્યું હતું. ૧૭

ચારિત્ર્ય જ કન્યાનું આભૂષણ સમજવામાં આવતું હતું. ચારિત્ર્યહીન કન્યાના પિતા દુ:ખી હતા. ચારિત્ર્યહીન કન્યાઓ કૂળ માટે કલંક સમજવામાં આવતી હતી. તેમના માટે ‘પાપિણી’ તથા ‘કૂળકલંકિની’ વગેરે શબ્દોનો પ્રયોગ કરવામાં આવતો હતો. ૧૮ કુંતીનું એક એવું ઉદાહરણ મળે છે કે તે ઘરમાં રહેતી હોવા છતાં તેનું અપહરણ કર્યું હતુ.

ચારિત્ર્ય જ કન્યાનું આભૂષણ સમજવામાં આવતું હતું. ચારિત્ર્યહીન કન્યાના પિતા દુ:ખી હતા. ચારિત્ર્યહીન કન્યાનું કૂળ માટે કલંક સમજવામાં આવતી હતી, તેમના માટે ‘પાપિણી’ તથા ‘કુળકલંકિની’ વગેરે શબ્દોનો પ્રયોગ કરવામાં આવતો હતો. ૧૮ કુંતીનું એક એવું ઉદાહરણ મળે છે કે તે ઘરમાં રહેતી હોવા છતાં તેનો શીલભંગ થયો અને તેને પુત્રને જન્મ આપ્યો હતો. આ બાબતની માહિતી તેના માતા-પિતાને સહેજ પણ મળી ન હતી. ૧૯ સમાજમાં આવી ઘટનાઓ ખરાબ ગણાતી હતી.

**કન્યા મનોરંજનઃ**

ક્ન્યા માતા-પિતાના નિયંત્રણમાં રહેતી બહાર જવા પર તેમના પર પ્રતિબંધ હતો. મનુષ્ય હોય કે પ્રાણી હોય દરેક માટે પોતાના મનને પ્રકુલ્લિત રાખવા માટે મનોરંજનની જરૂર હોય છે. તત્કાલીન સમાજમાં કન્યાઓ બગીચામાં ફવા જઈને મનોરંજન કરતી હતી. ફુલ ચૂંટવા તેમના માટે મનોરંજન કરતી હતી. ફુલ ચૂંટવા તેમના માટે મનોરંજનનો વિષય હતો. ૨૦ કન્યાઓ નદી કિનારે પણ પોતાની સખીઓ સાથે ફરવા જતી હતી.૨ ૧ સમાજમાં જાદુનો, ખેલ, કઠ-પૂતળીનો ખેલ પ્રખ્યાત હતો.૨૨ કન્યાઓ આવા પ્રસંગો દ્વારા મનોરંજન માણતી હતી.

**કન્યા માટેના કાનૂની અધિકારઃ**

વિવાહ પહેલાં કન્યા માતા-પિતા ઘેર રહેતી હતી. તે સમયે કન્યાનું ભરણપોષણ માતા-પિતા કરતાં હતાં. લગ્ન પછી કન્યા પોતાના પતિને ઘેર જતી. પિતાની સંપત્તિમાં તેનો કોઈ અધિકાર રહેતો નહિ. કેવળ ‘પુત્રિકા’ કન્યાનો જ પિતાની સંપત્તિ પર અધિકાર રહેતો હતો. ૨૩ ‘પુત્રિકા’ કન્યાનો અર્થ થાય છે. જે ક્ન્યાના પિતાના ઘેર પુત્ર ન હોય તે પિતાની સંપત્તિનો અધિકાર પુત્રીનો હતો. પિતાની સંપત્તિ પુત્રીના પુત્રને પ્રાપ્ત થતી હતી.

**ગૃહકાર્યઃ**

તત્કાલીન સમાજમાં કન્યાઓનો મોટાભાગનો સમય ઘરની દેખભાળમાં જતો. તેમનું મુખ્ય કાર્ય અતિથિઓની સેવા કરવાનું હતું. એકવાર નારદ તથા પર્વમુનિ સંજય નામના રાજાના ઘેર ગયા તો તેમને પોતાની પુત્રી દમયંતીને તેમની સેવા કરવાનું કહ્યું .૨૪ દમંયતી દરરોજ માટે જળ, ભોજન, પાન, ઈલાયચી તથા પથારીની વગેરેની વ્યવસ્થા કરતી હતી.૨૫ કુંતી નામની એક કન્યાને પોતાના ઘરમાં દુર્વાસા નામના મુનિની ચાર મહિના સુધી સેવા કરી હતી.૨૬ આ રીતે અતિથિસેવા તેના ગૃહકાર્યનું એક અંગ હતું. ગૃહકાર્ય ઉપરાંત કન્યાઓ પોતાના પિતાના કાર્યમાં પણ મદદ કરતી હતી. સત્યવતી નામની ક્ન્યા પોતાના કાર્યમાં પણ મદદ કરતી હતી. સત્યવતી નામનીકન્યા પોતાના પિતાના કાર્યમાં સહાય કરતી હતી. એકવાર તે સ્વયં શાંતનું નામના રાજાને પોતાની હોડીમાં બેસાડી ગંગાના બીજા કિનારા ઉપર લઈ જતી હતી.૨૭ આ રીતે કન્યાઓ શારીરિક કામ ઉપરાંત પોતાના પિતાને આર્થિક સહાય પણ કરતી હતી.

**શિક્ષણઃ**

ગૃહકાર્યમાં નિપુણ હોવાની સાથે સાથે સાથે કન્યાઓ સાંસારિક વિષયોનું પણ જ્ઞાન પ્રાપ્ત કરતી હતી. કુંતી એક વિદૂષી સ્ત્રી હતી. તેને દુર્વાસા મુનિ પાસે અનેક મંત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.૨૮ તે સમયે કન્યાઓ બોદ્ધક શિક્ષણ પણ ગ્રહણ કરતી હતી. આનું ઉદાહરણ ઈન્દ્રની પત્ની જયંતી છે. એક વાર લઈન્દ્રને પોતાની પુત્રી જયંતીને શુક્રાચાર્ય પાસે મોકલી કે જેથી તો પોતાની ચતુરાઈ અને સેવાથી તેમને વશ કરી લે. જયંતીઓ પોતાના પિતાના માર્ગદર્શન પ્રમાણે દેવતાઓનું કાર્ય સફળતાપૂર્વક કર્યું. આવા પ્રકારના કાર્યો જયંતી જેવી વિદૃષી સ્ત્રીઓ સ્ત્રીઓ કરતી હતી.

© RRIJM 2015, All Rights Reserved

તત્કાલીન સમાજમાં શિક્ષણ પ્રાપ્ત કરવાનાં સાધનોનો કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. કન્યાઓ લલિતકળાઓમાં પણ નિપુણ હતી તેમને નૃત્યકળાની તાલીમ આપવામાં આવતી તે સમયે કન્યાઓને વૈદિક શિક્ષણ આપવામાં આવતું હતું. સ્ત્રીઓ એકલી પણ યજ્ઞાદિ કાર્ય કરી શકતી હતી. કુંતીભોજ નામના રાજાએ પોતાના પુત્રી કુતીને યજ્ઞાદિ કાર્યમાં જોતરી દીધી હતી.૩૦ કુંતીએ દુર્વાસા મુનિ પાસે એવા મંત્રોની દીક્ષા ગ્રહણ કરી હતી કે જે દેવતી સંબંધી જે મંત્રોથી જે દેવતાઓનું આહવાન કરવામાં આવે તે દેવતા સાક્ષાત્ પ્રગટ થઈ જતા હતા.૩ ૧ એકવાર પાંડુએ કુંતીને મંત્રોની શિક્ષા માદ્રીને આપવા માટે પ્રાર્થના કરી હતી.૩૨ કુશધ્વજની દિકરી વૈદિક મંત્રોનું સુંદર અને સ્પષ્ટ ઉચ્ચરણ કરતી હતી કે તેનું નામ વેદવતી રાખ્યું હતું.૩૨ આ રીતે દતે સમયે કન્યાઓ વૈદિક શિક્ષણ પ્રાપ્ત કરતી હતી.

**કન્યાવિક્રયઃ**

તે વખતના સમાજમાં કેટલાક મા-બાપ પોતાની દિકરીઓને વેચી દેતા હતા. એકબાજુ દિકરીને લક્ષ્મીનો અવતાર માનવામાં આવતોસ તો બીજી બાજુ આવું ધૃણાસ્પદ કાર્ય કરવામાં આવતું પરંતુ આવું કાર્ય બહુ વ્યાપક હતું નહિ. મોટાભાગના આવી દુપ્રથાના વિરોધી હતા. જે લોકો કન્યાઓનું વિક્રય કરતા તે નરકગામી કહેવાતા. સમાજમાં એવી માન્યતા વ્યાપ્ત હતી કે જો લોકો કન્યાઓને વેચી મારે છે તે સો વર્ષ સુધી 'પાસુભોજ્યકુંડ' નામના નરકમાં જાય છે.૩૪ જે પુરૂષો કન્યાઓનું લાલન-પાલન કરી તેને વેચી દેતા તે મહામુર્ખ કહેવાતા.૩૫

**વિવાહ પ્રસંગમાં નારીઃ**

વિવાહને સોળ સંસ્કારોમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેના વગર ધાર્મિક, સામાજિક, આર્થિક ક્રિયાઓ સંપન્ન થઈ શકતી નહિ. દેવીભાગવતકાળમાં એવા પણ ઉદાહરણ મળે છે. જેમાં સ્ત્રી-પુરુષના લગ્ન પહેલાંના યૌન સંબંધનું વર્ણન મળે છે.૩૬ પરંતુ ગ્રંથકારે આવા સંબંધોને અનુચિત બતાવ્યા છે.

લગ્નની બાબતમાં માતા-પિતાને જ્યારે પોતાની દિકરી માટે યોગ્ય વર મળતો ત્યારે પોતાની દિકરીને પરણાવી દેતા. લગ્નનની ઉંમર બાબતમાં કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી. પરંતુ અનેક સ્થળો પર એવું વર્ણન પ્રાપ્ત થાય છે કે કન્યાની ઉંમર ૧૦ વર્ષની થાય ત્યારે તેના માતા-પિતા તેના લગ્નની ચિંતા શરૂ કરી દેતા.૩૭ જ્યારે કન્યા યૌવનવસ્થામાં આવી જતી ત્યારે તેના લગ્ન કરી દેવામાં આવતા. પાંડુની સાથે લગ્ન પહેલાં કુંતી એક સંતાનની માતા બની ચૂકી હતી.૩૮ આ પ્રકારે શાંતનુંએ સત્યવતી સાથે લગ્ન એક સંતાનની માતા બન્યા પછી કર્યા હતા.

તે સમયમાં વર અને કન્યાની ઉંમર બાબતમાં કોઈ વિશેષ નિયમ હતો નહિ. સમાન ઉંમરવાળા વર-વધુ જીવનમાં વધારે સુખ પ્રાપ્ત કરતાં હતા.૩૯ વર કન્યાની ઉંમરમાં બહુ તફાવત હોય તેવા પણ ઉદાહરણ મળે છે. સુકન્યાના વિવાહ વૃધ્ધ ચ્યવનઋષિની સાથે થયા હતા.૪૦ આવા લગ્ન જેમાં વર-કન્યા વચ્ચે ઉંમરનું અંતર હોય તેને સુકન્યાના પિતા લગ્ન કરતાં મૃત્યુને પસંદ શ્રેષ્ઠ માનતા હતા.

**કન્યાને પતિ પસંદ કરવાનો અધિકારઃ**

તત્કલીન સમાજમાં કન્યાને પતિ પસંદ કરવાનો અધિકાર હતો. તે પોતાની ઈચ્છાનુસાર પોતાના પતિને પસંદ કરતી હતી. જો માતા-પિતા પોતાની રીતે દિકરીનો વર પસંદ કરે તો તેમાં દિકરીની સંમતિ લેતા હતા. દિકરીની ઈચ્છા વિરુદ્ધ તેના લગ્ન કરવામાં આવતા નહિ. મંદોદરી જ્યારે જ્યારે લગ્નને યોગ્ય થઈ ત્યારે તેના પિતાઓ તેના લગ્ન મદ્રદેશના રાજા કંબુગ્રીવ સાથે કરવાનો વિચાર કર્યો. પોતાની દિકરી આ લગ્ન કરવા સહમત છે કે નહિ તે જાણવા માટે રાજાએ પોતાની પત્નીને કહ્યું કે તે મંદોદરી સાથે આ બાબતે વાતચીત કરે. ૪૨ આ પ્રકારે રાજકુમારી શશિકલાના લગ્ન સંબેધે પણ તેને પૂછવામાં આપ્યું હતું.૪૩

તત્કાલીન સમાજમાં એવા પણ ઉદાહરણ મળે છે. માતા-પિતા પોતાની ઈચ્છાથી દિકરીના લગ્ન કરી નાખતા હતા. કાલકેતુ નામના રાક્ષસે જ્યારે એકાવલીનું અપહરણ કરી તેને પોતાની પત્ની બાનાવવા ઈચ્છા કરી ત્યારે એકાવલીએ તેને સમજાવ્યો કે પોતાના પિતાએ હૈયય નામના રાજાએ મારી સાથે લગ્ન કરવાનું વચન આપ્યું છે અને હું પણ તેને પોતાનો પતિ માની ચૂકી છું. દિકરીએ તેની સાથે વિવાહ કરવા જોઈએ જેની સાથે તેના માતા-પિતા ઈચ્છતા હોય. કન્યાઓ પોતાના માતા-પિતાના આદેશનું પાલન કરતા હતી. કોઈ કન્યા પોતાની ઈચ્છાથી પોતાના પતિને પસંદ કરતી હતી નહિ.૪૪

**સ્વયંવર વિધિઃ**

કન્યાઓ ઉપસ્થિતિ પુરૂષોમાંથી પોતાના યોગ્ય વર પસંદ કરે તે માટે તત્કાલીન સમાજમાં સ્વયંવર પ્રથા શરૂ થઈ. આ પ્રથામાં ઉપસ્થિત પુરુષોમાંથી યોગ્ય વર પસંદ કરવાની કન્યાને સ્વતંત્રતા હતી.૪૫ ઈન્દુમતીનો વિવાહ સ્વયંવર વિધિથી થયો હતો.૪૬ આ પ્રથામાં કન્યા વસ્ત્રાભૂષણ ધારણ કરીને વિવાહ મંડપમાં જતી હતી. ૪૭ કોઈ વાર ચતુર અને હોંશિયાર કન્યાઓ પોતાના પ્રેમીને સ્વયંવરમાં આવવાનું આમંત્રણ આપી દેતી હતી. જ્યારે શશિકલાના સ્વયંવરનું આયોજન થયું તો શશિકલાએ પોતાના પ્રેમી સુદર્શનને સ્વયંવરમાં આવવાનું આમંત્રણ આપી દીધું હતું. ૪૮ તત્કાલીન સમાજમાં સ્વંયવરની ત્રણ વિધિઓ પ્રચલિત હતી. ( ૧) ઈચ્છા સ્વયંવર (૨) પ્રણ સ્વયંવર અને (૩) શૌર્ય સ્વયંવર, આવા સ્વયંવરોનું આયોજન ક્ષત્રિય રાજાઓ માટે થતું હતું. ૪૯ ઈચ્છા સ્વયંવરમાં કન્યા આમંત્રિત રાજકુમારમાંથી

© RRIJM 2015, All Rights Reserved 

પોતાની ઈચ્છા અનુસાર એક રાજકુંવરને પસંદ કરતી હતી. પ્રણ સ્વયંવરમાં કોઈ પ્રકારની પ્રતિજ્ઞા રાખવામાં આવતી હતી જેમ કે રાજા જનકે પોતાની પુત્રી સીતા માટે પ્રતિજ્ઞા રાખી હતી કે જે રાજકુમાર શિવ-ધનુષ્યનો ભંગ કરે તેની સાથે સીતાના લગ્ન કરવામાં આવશે. ત્રીજા પ્રકારનો શૌર્ય સ્વયંવર કેવળ શૂરવીરો માટે થતો હતો.૫૦

**કન્યાનું વાગ્દાનઃ**

તત્કાલીન સમાજમાં કન્યાના લગ્ન પરસ્પર આપેલ વાગ્દાન અનુસાર થતા હતા. માતા-પિતા લગ્નની પહેલાં જે તે વરની સાથે પોતાની કન્યાનું લગ્ન કરવાનો સંકલ્પ લઈ લેતાં હતા. તેને વાગ્દાન કરવાની પહેલાં કન્યાની સંમતિ લેવામાં આવતી હતી. માતા-પિતા પોતાની ઈચ્છાથી પણ વાગ્દાન કરતાં હતા. પ્રેમ લગ્નમાં વાગ્દાનનું કોઈ મહત્વ હતું નહિ. પરંતુ વચન આપી તેને પૂરૂં કરવું નૈતિક ધર્મ માનવામાં આવતો. કેટલાક લોકો પોતાના વચન પૂરા કરી શકતા નહિ. એવી માન્યતા હતી કે જે મા-બાપ પોતાની દિકરીનું વાગ્દાન પૂરૂં કરી શકે નહિ તે 'પાંસુભોજય કુંડ' નામના નરકમાં જાય છે.૫૧ મનુસ્મૃતિમાં પોતાની પુત્રીનું વાગ્દાન પૂરૂં ન કરવું તે અધમ માનવામાં આવે છે. પર સમાજમાં કન્યાવધ તેમજ બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત હતી તેથી વાગ્દાન પૂરા થઈ શકતા ન હતા. જયારે તેમને વર કરતાં વધારે ધન સંપત્તિ મળતી ત્યારે વાગ્દાન આપેલું હોવા છતાં માતા-પિતા વાગ્દાનમાં ફરી જતા હતા.

**વિવાહ સંસ્કારઃ**

દેવાભાગવતપુરાણમાં શશિકલા તેમજ સુદર્શનના લગ્ન સિવાય કોઈ પણ સ્થળે વિવાહ સંસ્કારનું વર્ણન પ્રાપ્ત થતું નથી. છતાં કેટલાંક સ્થાનો પર વિવાહ સંસ્કારમાં આવતી કેટલીક ક્રિયાઓનું વર્ણન પ્રાપ્ત થાય છે. માનવ જીવનમાં લગ્ન એક મહત્વપૂર્ણ સંસ્કાર છે. લગ્ન આરંભ કરતાં પહેલાં શુભ મુહુર્ત કાઢવામાં આવતું હતું. રાજા તાલધ્વજે પોતાના લગ્ન શુબ મુહુર્તમાં સંપન્ન કરાવ્યા હતા.૫૩ લગ્નવિધિ કન્યાના ઘર પર સંપન્ન થતી હતી. આમંત્રિત રાજાઓ છ છ દિવસ સુધી કન્યાના ઘરે રહેતા હતા.૫૪ સુદર્શનના વિવાહ શશિકલાના ઘરે જ સંપન્ન થયા હતા. સ્વયંવર પ્રથા હોવા છતાં વર-વધુના લગ્ન ધાર્મિકવિધિથી સંપન્ન થતા હતા.

**વેદ-નિર્માણઃ**

વર-વધુ સંબંધી જેટલી ક્રિયાઓ થતી હતી કે બધી એક જ જગ્યાઓ હતી. ત્યાં એક વેદી (મંડપ) નિર્માણ કરવામાં આવતો હતો.૫૫ આ મંડપમાં કન્યાને વસ્ત્રાભૂષણોથી સજ્જ કરીને લાવવામાં આવતી હતી. કેટલાક લગ્નોમાં કન્યાની સખીઓ તેને પાલખીમાં બેસાડીને લગ્ન મંડપમાં લાવતી હતી.

**समाप्तमुषा विधिवदिज्ञा स्त्रियश्च तां सजसुता सुचाने।**
**आरोग्य निन्युर्वरसश्घान चतुष्कयुकते किल मण्डपे वै।।५६**

વરને પણ લગ્નમંડપમાં લાવતા પહેલાં શણગારોથી તૈયાર કરવામાં આવતો વર-વધુ સ્નાન કર્યા પછી લગ્નમંડપમાં બેસતા. ત્યારબાદ પાણિગ્રહણ સંસ્કાર થતા હતા. જેમાં પિતા પોતાની દિકરીને વરને સમર્પિત કરતા હતા.૫૭ ત્યારબાદ કન્યાદાનનો ઉલ્લેખ મળે છે. તે દિવસોમાં બ્રાહ્મણને કન્યાદાન કરવાનુંમ વિશેષ મહત્વ આપવામાં આવતું હતું.૫૮

**બહુપત્ની પ્રથાઃ**

દેવીભાગવતપુરાણમાં બહુપત્ની પ્રથાનું વર્ણન પ્રાપ્ત થાય છે. આ પ્રથા ક્ષત્રિયોમાં વિશેષ પ્રચલિત હતી. મહારાજ શાંતનુએ બે લગ્ન કર્યા હતા. તેમની એક પત્ની સત્યવતી હતી તથા બીજી પત્ની ગંગા હતી.૫૯ રાજા શર્યાતિને ચાર પત્ની હતી.૬૦ કશ્યપ મુનિને બે પત્ની હતી.૬ ૧ બહુપત્નીત્વપ્રથા એટલી બધી પ્રચલિત હતી કે માતા-પિતા પોતાની દિકરીના લગ્ન એવા વર સાથે પણ કરતા કે જેની આગળની પત્ની પણ હોય. બહુપત્નીત્વનીપ્રથામાં પત્ની એક પ્રકારની સંપત્તિ માનવામાં આવતી હતી. નાતા-પિતા પોતાની દિકરીના લગ્ન વી વ્યકિત સાથે કરતાં કે જે તેનાં ભવિષ્યમાં બાબતમાં બિલકુલ વિચારતો ન હોય.

કેટલાક માતા-પિતા જાગૃત હતા. નિષાદરાજા પોતાની પુત્રી સત્યવતીના લગ્ન શાંતનું રાજા સાથે કરતાં પહેલાં શરત રાખી હતી કે તેનાથી ઉત્પન્ન થયેલ પુત્ર જ રાજ્યનો ઉત્તરાધિકારી બનશે. તેથી શાંતનુંના મોટા પુત્ર ભીષ્મએ પ્રતિજ્ઞા લીધી હતી. કે તે આજીવન લગ્ન નહિ કરે.૬૨ બહુપત્નીપ્રથા ઋગ્વેદ સમયમાં પણ પ્રચલિત હતી. તત્કાલીન સમાજમાં બહુપત્નીપ્રથાનું નારીઓ ખૂબ જ દુઃખી હતી. ઘરોમાં કંકાસ –ઝઘડાનું વાતાવરણ હતું.

આમ, દેવીભાગવતપુરાણમાં નારીની બંને અવસ્થાઓનું સુંદર વર્ણન પ્રાપ્ત થાય છે. આ વર્ણનને આધારે કહી શકાય છે. તત્કાલીન સમાજમાં નારીને પર્યાપ્ત આદર પ્રાપ્ત થતો હતો, તે પોતાના પિતાના ઘેર સ્વતંત્રતાપૂર્વક જીવન પસાર કરતી હતી. તે પ્રત્યેક કાર્યોનું પુરુષને મદદ કરતી હતી. તે પોતાના કુંટુંબ ઉપર બોજ હતી નહિ. તે પોતાના સામર્થ્યથી માતા-પિતાના કષ્ટ દૂર કરતી હતી. તેથી દિકરીના જન્મ સમયે માતા-પિતા દુઃખી થતા નહિ. દિકરીના જન્મનો કેટલોક પરિવારોમાં ઉત્સવ મનાવવામાં આવતો. તે વખતના સમાજમાં કન્યાવધ, કન્યા –વિક્રય તથા દાસી-પ્રથા જેવી ખરાબ પ્રથા અવશ્ય પ્રચલિત હતી. પરંતુ બુદ્ધિશાળી લોકો આવી ખરાબ પ્રથાઓ દૂર કરવા પ્રયત્નશીલ રહેતા હતા.

© RRIJM 2015, All Rights Reserved

:પાદટીપઃ

(१) ऋग्वेदः ३, १, २३

(२) उपाध्याय, वि,ऋ, पृ.४२

(३) उपाध्याय, वि,ऋ, पृ.४३

(४) महाभारत। ६,३,७

(५) दे.भा. पुराणः ६,२१,४३,४४

(६) दे.भा. पुराणः ६,२१,४९,५०,२,९,८

(७) दे.भा. पुराणः २,९,८

(८) दे.भा. पुराणः १,४,१९

(९) महाभारतः १, ४, १९

(१०) दे.भा. पुराणः ७,२०,३५

(११) एतत न परे चकरपिरे जात साधवः।

यदन्यस्य प्रर्तिज्ञाय पुनरन्यस्य दीयते ।।

© RRIJM 2015, All Rights Reserved